# નજાકત

**પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો**



## ‘પ્રકાશ’ પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે ‘સન્નારી’માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. **વાચકોને ખાસ વિનંતી કે કાવ્ય ટૂંકાં મોકલે જેથી વધુ કાવ્યો સમાવી શકાય. લાંબા કાવ્યને ગણતરીમાં લેવામાં આવશે નહિ.** આ વખતનો વિષય છે **‘પ્રકાશ’**. તમારી મૌલિક કૃતિ અમને 31-10-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો.

Email:sannari@gujaratmitra.in - સંપાદક



## નજાકત-એ-હિન્દુસ્તાન

ખીંચ કર સરહદ નકશોં પર, મુલ્ક કો બાંટને કી કોશિશ હુઈ,
મગર આફત મેં ભી એક હોને કી, ઇસ ઇલાકે મેં હર કોશિશ હુઈ.
જુદા હે લિબાઝ-ઓ-ઝબાન ફિર ભી દિલ મેં ધડકતા હે હિન્દુસ્તાન,
અલગ રહે કર ભી જુડે રહેને મેં, ઇસ વતન કી નજાકત હે.
મઝહબ કી દીવારેં ખડી કરકે, બસ્તી કો જુદા કરના ચાહા,
મગર દિવાલી કે દીપોંને ઈદ કી સેવૈયાં કો હંમેશાં ચાહા.
કોઈ તોડ ન સકા ઇસ મુકદ્દસ ગંગા-જમુની તહેઝીબ કો કભી,
અઝાન-ઓ-આરતી કે એક હી સૂર મેં, મોહબ્બત કી નજાકત હે.
ઝીનત-એ-ઝીંદગી કો લોગોં ને જાત-પાત કે વહેમોં મેં રોલા,
મગર ભૂખ ઓર પ્યાસને કભી કિસી કા કૂલ નહીં ટટોલા.
જબ મિલાતે હૈં હાથ મજદૂર ઓર કિસાન ઇસ મિટ્ટી કે લિયે,
તબ હર બરાદરી સે ઉપર ઉઠને મેં, ઇન્સાનિયત કી નજાકત હે.
સરહદોકે, મઝહબોકે, જાતિઓકે કે ખંજરોસે વતન બહુત ‘નાઝુક’ હુઆ હે,
તફરીક કે ઇસ શોર મેં અમન કા યે ગુલસ્તાન ઝખ્મી હુઆ હે.
આઓ, તોડ દેં યે દીવારેં ઓર એક હોકર અવાજ બુલંદ કરેં,
ક્યોંકિ હિન્દુસ્તાન કી શાન, સિર્ફ હમારી ઇત્તેહાદ કી નજાકત હે.

**- તેજેશ પટેલ**

## ફૂલોની નજાકત......

ફૂલ તું બાગની શોભા, છે અનમોલ આભૂષણ,
એટલે તો મધુવન રંગીન ફૂલોથી સોહામણું છે.
પ્રાતઃ તું ખીલતું ને સંધ્યાએ ખરી પડતું,
છોડની શોભા વધારતું, તુંજ મનપ્યારું છે.
તારી સુગંધ અને સૌંદર્યની શું વાત કરવી,
પહેલી જ નજરમાં ગમે તેવું તું નજરાણું છે.
દૂરથી દીઠી તને, થાય એવા સૌ મંત્રમુગ્ધ,
તારું સ્વરૂપ જ એવું, સૌનું તું મનમાણું છે.
તું દૂરથી ફોરમ ફેલાવે, સજે શણગાર તું પ્રસંગોમાં,
ચરણસ્પર્શતું જગતપિતાનું, તું વિધાતાનું વરદાણું છે.

**યોગેન્દ્ર પટેલ (સુરત)**

## નજાકત ! એ શું?

નજાકત ! નજાકત ! નજાકત ! એ શું?
એ, નથી કેવળ નાજુકતા,
વ્યક્તિ, વાણી, વિચારમાં રહેલી સૌમ્ય
સુંદરતા !
નજાકત એ શબ્દ છે રૂડો,
સાંભળતા જ મનને આનંદ થાય પૂરો.
નજાકત એ નૃત્યની એક અદા,
જોઈને થિરકવાનું મન થાય સદા.
નજાકત એ સૂરમય સંગીત,
હૃદયને પ્રેમથી ભરી દે એવું ગીત.
નજાકત એ જીવન-સંસ્કાર,
માણસની અંદરની ચમકદાર ધાર.
નજાકત એ કળા અનેરી,
જીવનને બનાવે સુંદર સેરી.
નજાકત, બસ, નજાકત !
જે છે, જીવનની તાકાત !

**ડૉ. રાજલ સુખીયાજી ચલીયાવાળા (ફ્રાન્સ)**

## નજાકત - એક અંદાજ

નજરમાં નરમાશ, શબ્દોમાં પ્યાર,
એ જ તો નજાકત, એ જ એનો શણગાર.
ન ફૂલોમાં મળે, ન ચાંદમાં દેખાય,
નજાકત તો એ છે, જે દિલમાં ઊતરી જાય.
ન અવાજ ઊંચો, ન શબ્દોમાં ભાર,
તોય એની હાજરીનો અલગ જ ખુમાર.
નજાકત એ અદા, નજાકત એ કળા,
દિલથી દિલને જોડે, આ સુંદરતાની કલા.
ન દેખાડો, ન અભિમાન, ન ખોટો શણગાર,
સાદગીમાં જ છુપાયેલો એ છે સુંદરતાનો સાર.

**- નિરાલી ઠોરિયા (મોરબી)**

## લઘુકાવ્ય

નારીની નજાકત
તેની નાજુકાઈ નહીં,
પણ.. તેનો વિવેકપૂર્ણ
વ્યવહાર,
પ્રેમ, સંવેદના અને
સંબંધોમાં હૂંફનું
શ્રેષ્ઠ સ્વરૂપ.
***
નારી હૃદયની
સંવેદનશીલતા
નજાકતનું
કુદરતી સૌંદર્ય.
***

**- કિશોર આર. ટંડેલ (નવસારી)**

## નજાકત હોય છે

ઝાંઝવાના જળમાં ગરકાવ થયેલી
મરુભૂમિને પણ કેવી નજાકત હોય છે!
વ્હાલ નીતર્યા શબ્દોથી પીગળેલા
કઠોર હૃદયને પણ કેવી નજાકત હોય છે !
શુષ્ક -સોનેરી પર્ણોએ શણગારી ધરા
પાનખરને પણ કેવી નજાકત હોય છે !
ભર બપ્પોરે હાસ્ય રેલાવતા ગુલમહોર
ગ્રીષ્મને પણ કેવી નજાકત હોય છે!
પારસમણિના સ્પર્શે બન્યું સુવર્ણ
લોખંડને પણ કેવી નજાકત હોય છે!
ગાઢ અંધકારે ખીલ્યો ચંદ્રમા
વિભાવરીને પણ કેવી નજાકત હોય છે!
માનવીય સંવેદનાથી તરબતર થયું મન
સંતાપને પણ કેવી નજાકત હોય છે !

**- ચંદ્રપ્રભા આર. કુંવર (સુરત )**



## હૃદયને સ્પર્શે એ જ નજાકત !!!

નજાકત એ નથી કે ચહેરો ગુલાબી હોવો જોઈએ,
નજાકત તો એ છે કે સ્વભાવમાં ગુલાબ સમ સુગંધ હોવી જોઈએ.
વાણીમાં મીઠાશ અને આંખોમાં અહેસાસ હોવો જોઈએ,
સંબંધોમાં સચ્ચાઈ ને હૃદયમાં વિશ્વાસ હોવો જોઈએ.
દરેક વાતમાં પોતાની જ જીત જરૂરી નથી હોતી,
ના દેખાવનો શોખ, ના વખાણની કોઈ ખેવના,
સાદગીથી દિલ જીતી લે, એ જ સુંદરતાની ભાવના.
નજાકત તો એ છે, જે અહંકારને ઓગાળી જાય,
અને કઠોર હૃદયમાં પણ લાગણીનાં ફૂલ ખીલવી જાય.

**પ્રતીક રમેશચંદ્ર દેસાઈ (સુરત**

## નજાકત : સાદગીનો શણગાર

સમય સાથે દરેક અદા બદલાઈ જશે,
રૂપની ચમક પણ એક દિવસ કરમાઈ જશે...
પણ જો હૃદયમાં નજાકત હશે તો,
વ્યક્તિત્વની ઓળખ કાયમ રહી જશે...
નજાકતને શણગારની કોઈ જરૂર નથી,
એને સમજવા શબ્દોની આવશ્યકતા નથી...
એ તો અનુભૂતિનો એવો અહેસાસ છે
તેને પામવા સાદગી સિવાય બીજો કોઈ માર્ગ નથી...
સુંદર દેખાવું એ કુદરતની ભેટ છે,
પણ સુંદર રીતે જીવવું એ વ્યક્તિત્વની નજાકત છે...

**- શ્વેતા ચનીયારા(મોરબી)**

## ‘નજાકત’ નું ‘દર્પણ’

હતી, ‘નજાકત’ વિપુ પર,
નાજુક, નમણી નયનાક્ષી પર,
મધુ છલકતી પંખુડીસી મુસ્કાનમાં,
વહ્યા લાગણીના વહેણમાં.
અરે! આવ્યો ઓછાયો હતાશાનો!
ખોલ્યો, ધીરે અંતરપટ એનો.
હતી, કઠોરતા ઘમંડની,
હતી ‘નજાકત’ પાષાણની.

**- પાર્વતી પટેલ (વ્યારા)**

## નજરમાં નજાકત

ઝાંઝરનો ઝણકાર ને ચાલમાં નજાકત,
આંખોના ઈશારા ને અદામાં શરારત,
ગરબે ઘૂમતા તને જોઈ હૈયું મારું હરખે,
તારી નજાકત જોઈ ચાંદ પણ મલકે.
લટકતા ઝુમખા ને લટની લહેર,
તારી અદાઓનો દિલ પર છે કહેર,
કાળા ચશ્માં ને રૂપાળા ગાલ,
આંખોમાં કાજલ ને પ્રીતનો તાલ,
ઢોલીડાના તાલે તારી લચકતી કમર,
તારી નજાકત સામે ફિક્કી પડે મહેફિલની
ઝલક

**- દૃષ્ટિ ઠુંમર**

## નજાકત આપી

જે પ્રભુએ તને ફૂલો સમી નજાકત આપી,
એ દિલાવરે મને પણ મુહોબ્બત આપી.
મેં સાચા દિલથી તને સદા ઉલફત આપી,
ભેટમાં તેં મને ફક્ત ને ફક્ત નફરત આપી.
મારા પ્રેમની તેં કદી કીધી ના કદર,
મારા દિલની કદી તારા દિલે ના થઈ અસર,
બેવફા તું મગરૂર અને શાને થઈ બેકદર,
ભટકું છું તારા વગર હવે હું દરબદર,
દીધી ઈજ્જત તને, પરંતુ તે તિજારત આપી.

**- યોગેશભાઈ આર જોષી (હાલોલ)**

## નજાકત

નજાકત શબ્દોની લાવે મધુરતા સંબંધોમાં.
નજાકત વર્તનની લાવે મધુરતા જીવનમાં.
હોય જ્યાં નજાકત લાગણીઓમાં,
પાર થઈ જાય સંસાર સાગર અવરોધોમાં.

**શ્રીમતી સ્નેહલ રાજન જાની (સુરત)**

## ગઝલ

ફૂલ જેવી નજાકત રાખે
ખુશ્બૂ જેવી શરાફત રાખે.
અદાવતનું અગર કહું તો,
પળ-બે પળની અદાવત રાખે.
નિજને એ સલામત રાખે.
સઘળે, જગતની સન્નારીઓ.
લાજ-શરમની વિરાસત રાખે.

**-ઇમરાન ખાન (કઠોર)**